# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-02-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : MONDAY** **National News**

### આકાશવાણી સમાચાર હેમાંગિની સોનારા વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સેશેલ્સ માટે 17 કરોડ 50 લાખ ડોલરના વિશેષ આર્થિક પેકેજની જાહેરાત કરી.

2) પ્રધાનમંત્રીએ "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાનો સામનો કરવાના ઉપાય જણાવ્યાં.

3) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીથી મિઝોરમના સૈરાંગ અને આસામના સિલચર વચ્ચે નવી પેસેન્જર ટ્રેનનું વર્ચ્યુઅલ પ્રસ્થાન કરાવ્યું.

4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સક્રિય નક્સલવાદીઓને આત્મસમર્પણ કરવા, શસ્ત્રો સોંપવા અને સમાજના મુખ્ય પ્રવાહમાં પરત ફરવા અપીલ કરી

5) સર્વોચ્ચ અદાલતે પશ્ચિમ બંગાળ SIR મામલે વાંધાઓ દાખલ કરવાની અંતિમ તારીખ 14 ફેબ્રુઆરીથી એક અઠવાડિયા સુધી લંબાવી

6) T-20 ક્રિકેટ વિશ્વ કપમાં, આજે દક્ષિણ આફ્રિકા અને કેનેડા વચ્ચે મુકાબલો

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM SHYECLLES PREZ MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સેશેલ્સ માટે 17 કરોડ 50 લાખ ડોલરના વિશેષ આર્થિક પેકેજની જાહેરાત કરી છે. નવી દિલ્હીમાં સેશેલ્સના રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિની સાથે મુલાકાત બાદ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે આ પેકેજ હાઉસિંગ , ઈ-મોબિલિટી, વ્યાવસાયિક તાલીમ , આરોગ્ય, સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષા માં સહયોગ પ્રદાન કરશે. તેમણે ઉમેર્યું કે ભારત સેશેલ્સ સાથે મળીને સસ્તી અને ગુણવત્તાયુક્ત દવાઓ , તબીબી પર્યટન અને આરોગ્ય માળખાગત સુવિધાઓ વિકસાવવા માટે કામ કરશે. તેમજ દરિયાઈ પાડોશી અને વિશ્વસનીય ભાગીદાર તરીકે, સેશેલ્સ ભારતના મહાસાગર દ્રષ્ટિકોણમાં વિશેષ સ્થાન ધરાવે છે.

( BYTE PM-MAHASAGAR SEYCHELLES)

સેશેલ્સના રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિનીએ જણાવ્યું હતું કે તેમની મુલાકાત બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલતી મિત્રતા અને પરસ્પર આદરને પ્રતિબિંબિત કરે છે. હિન્દ મહાસાગરના દેશો તરીકે , દરિયાઈ સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા તેમના સંબંધોમાં કેન્દ્રસ્થાને છે.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ઓક્ટોબરમાં પદ સંભાળ્યા પછી રાષ્ટ્રપતિ હર્મિનીની આ ભારતની પ્રથમ મુલાકાત છે. આ મુલાકાત બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 50મી વર્ષગાંઠ સાથે સુસંગત છે.

. . . . . . . . . . . . .

# MEA--SEYCHELLES.

વિદેશ સચિવ વિક્રમ મ િસ્ટીએ જણાવ્યું હતું કે ભારત અને સેશેલ્સે આરોગ્ય, હવામાનશાસ્ત્ર, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી અને સુશાસન સહિત વિવિધ ક્ષેત્રોમાં 7 કરાર પર હસ્તાક્ષર કર્યા છે . નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે સેશેલ્સ એક દરિયાઈ પાડોશી અને વિશ્વસનીય ભાગીદાર છે , અને વૈશ્વિક ફેડરેશનના ભારતના વિઝનમાં તેનું વિશેષ સ્થાન છે.

. . . . . . . . . . . . . .

# PM - PPC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે "પરીક્ષા પે ચર્ચા" ના 9મા સંસ્કરણમાં પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાનો સામનો કરવાની રીતો પર ચર્ચા કરી. શ્રી મોદીએ વિદ્યાર્થીઓને પરીક્ષાથી આગળ જોવા અને જીવન કૌશલ્ય , રમતગમત, સર્જનાત્મકતા અને સ્વ-વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પણ પ્રોત્સાહિત કર્યા.

કૃત્રિમ બુદ્ધિમત્તા અને ટેકનોલોજી અંગેના પ્રશ્નોના જવાબમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે ટેકનોલોજીથી ડરવાની જરૂર નથી.

(બાઇટ - PM-AI-AND-TECHNOLOGY)

શ્રી મોદીએ વિદ્યાર્થીઓને નાના સ્ટાર્ટઅપ્સથી તેમની ઉદ્યોગસાહસિક યાત્રા શરૂ કરવા પ્રોત્સાહિત કર્યા.

(બાઇટ --PM-ENTREPRENURE-)

પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને ફક્ત પ્રવાસીઓ તરીકે નહીં , પણ શીખનારા તરીકે મુસાફરી કરવાની સલાહ આપી.

પ્રધાનમંત્રીએ નોંધ્યું કે આદિવાસી સમુદાયોએ ભારતની પ્રગતિમાં ફાળો આપ્યો છે. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં ક્યારેય આત્મસંતુષ્ટ ન રહેવા અને હંમેશા આગળ વધવા વિનંતી કરી.

. . . . . . . . . . . . .

# PARLIAMENT – LS/RS

લોકસભામાં કેન્દ્રીય અંદાજપત્ર પર ચર્ચા દરમિયાન વિરોધ પક્ષના હોબાળાના કારણે ગૃહની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત કરવામાં આવી.

બીજી વાર મુલતવી રાખ્યા પછી જ્યારે ગૃહની કાર્યવાહી શરૂ થતાં પ્રિસાઇડિંગ ઓફિસરે કેન્દ્રીય અંદાજપત્ર પર ચર્ચા શરૂ કરવાનો પ્રયાસ કર્યો અને કોંગ્રેસના સાંસદ શશી થરૂરને બોલવા આમંત્રણ આપ્યું. તેમણે અધ્યક્ષને વિનંતી કરી કે તેઓ ચર્ચા પહેલા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને બીજા મુદ્દા પર બોલવાની મંજૂરી આપે. દરમિયાન , સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ શ્રી ગાંધીએ લગાવેલા તમામ આક્ષેપને ફગાવી દીધા.

રાજ્યસભામાં ભાજપના સાંસદ અરુણ સિંહે કહ્યું કે અંદાજપત્રનું કદ ત્રણ ગણું વધારીને 53 લાખ કરોડ રૂપિયા કરાયું છે., જ્યારે આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢાએ કહ્યું ક્રિપ્ટોકરન્સી જેવી વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિ માટે કડક નિયમ અને પાલનની જરૂર છે.

દરમિયાન સંસદના બંને ગૃહની કાર્યવાહી આવતીકાલે સવાર સુધી સ્થગિત કરવામાં આવી.

. . . . . . . . . . . . .

# VAISHNAV- FLAGGED OFF

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીથી મિઝોરમના સૈરાંગ અને આસામના સિલચર વચ્ચે નવી પેસેન્જર ટ્રેન સેવાઓને વર્ચ્યુઅલ માધ્યમથી લીલીઝંડી આપી હતી. શ્રી વૈષ્ણવે નોંધ્યું હતું કે સિલચર પૂર્વોત્તર ક્ષેત્રમાં એક ખૂબ જ મહત્વપૂર્ણ કેન્દ્ર છે.

પત્રકારો સાથે વાત કરતા રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં , પૂર્વોત્તર ક્ષેત્ર માટે 11 હજાર કરોડથી વધુનું રેલ્વે બજેટ ફાળવવામાં આવ્યું છે. અને હાલમાં આ ક્ષેત્રમાં 72 હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે. આ ઉપરાંત રેલવે મંત્રીએ આસામના ગુવાહાટી રેલવે સ્ટેશન પર નવી પેસેન્જર સુવિધાઓનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

. . . . . . . . . . . . .

# AI – IMPACT SUMMIT

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ કોમ્યુનિકેશન એન્ડ પોલિસી રિસર્ચ -CSIR દ્વારા આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026 માટે એક પ્રી-સમિટ યોજાઈ ગઈ. આ સંમેલનનો વિષય "માનવ-કેન્દ્રિત AI અને ટકાઉ વિકાસ: ઊર્જા સુરક્ષાનો સર્વાંગી માર્ગ" હતો.

સંમેલનને સંબોધતા નીતિ આયોગના વરિષ્ઠ સલાહકાર પ્રોફેસર વિવેક સિંહે જણાવ્યું હતું કે ભારતમાં એક અનુકૂળ વાતાવરણ છે જ્યાં સરકાર વિવિધ AI એપ્લિકેશનો વિકસાવવામાં શિક્ષણવિદો , સ્ટાર્ટઅપ્સ અને ખાનગી ક્ષેત્રને સમર્થન આપી રહી છે. આ સંમેલન 16 થી 20 ફેબ્રુઆરી સુધી યોજાશે.

. . . . . . . . . . . . .

# AMIT SHAH - BASTAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બાકી રહેલા સક્રિય નક્સલવાદીઓને આત્મસમર્પણ કરવા , શસ્ત્રો સોંપવા અને સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા ફરવા અપીલ કરી છે. સરકાર તેમનું સંપૂર્ણ સન્માન સાથે પુનર્વસન કરશે. આજે છત્તીસગઢના બસ્તરના જગદલપુરમાં બસ્તર પાંડુમ મહોત્સવના સમાપન સમારોહ ને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે સશસ્ત્ર સંઘર્ષ ચાલુ રાખનાર કોઈપણ નક્સલીને બક્ષવામાં આવશે નહીં, અને શસ્ત્ર નો સામનો શસ્ત્રોથી કરવામાં આવશે.

બસ્તરની સંસ્કૃતિ અને કલા ની પ્રશંસા કરતા કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે તેની સંસ્કૃતિ ભારતની સંસ્કૃતિનું રત્ન છે.

(બાઈટ – અમિત શાહ )

કેન્દ્રીય ગૃહમંત્રીએ એ જાહેરાત કરી હતી કે બસ્તર પાંડુમ મહોત્સવ હેઠળ યોજાયેલ 12 સ્પર્ધામાંથી પ્રથમ ત્રણ વિજેતા ટીમને રાષ્ટ્રપતિ ભવનમાં આમંત્રિત કરવામાં આવશે અને ત્યાં તેઓ  તેમની કલાનું પ્રદર્શન કરશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# SC-PB SIR

સર્વોચ્ચ અદાલતે પશ્ચિમ બંગાળ SIR મામલે વાંધાઓ દાખલ કરવાની અંતિમ તારીખ 14 ફેબ્રુઆરીથી એક અઠવાડિયા સુધી લંબાવી છે . ન્યાયમૂર્તિ સૂર્ય કાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાઘચી અને ન્યાયાધીશ એન. વી. અંજારીની ખંડપીઠે રાજ્ય સરકારને SIR કાર્યો માટે ચૂંટણીપંચને ગ્રુપ બી અધિકારી ઉપલબ્ધ કરાવવા નિર્દેશ આપ્યો છે. તે પંચના નિરિક્ષકોનું સ્થાન લઈ શકે છે.

અદાલતે જણાવ્યું કે, દાવાઓ અને વાંધાઓ પર અંતિમ આદેશ માત્ર ચૂંટણી નોંધણી અધિકારીઓ દ્વારા જ લઈ શકાય છે અને નિરિક્ષકો માત્ર તેમની મદદ કરી શકે છે. અદાલતે રાજ્યના પોલીસ મહાનિ દેશકને SIR અધિકારીઓ સામેની ધમકીઓ અને હિંસા રોકવામાં તેમની નિષ્ફળતા અંગે ચૂંટણી પંચ દ્વારા ઉઠાવાયેલા મુદ્દાઓ પર વ્યક્તિગત સોગંદનામું દાખલ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

. . . . . . . . . . . . .

# SHOOTING CHAMPIONSHIP

શૂટિંગમાં, ભારતીય ત્રિપુટી એશા સિંહ , મનુ ભાકર અને રિધમ સાંગવાનએ આજે નવી દિલ્હીમાં એશિયન રાઇફલ/પિસ્તોલ ચેમ્પિયનશિપમાં મહિલા 25 મીટર પિસ્તોલ ટીમ સ્પર્ધા માં સુવર્ણ ચંદ્રક જીત્યો છે . ભારતીય ટીમ 1 ,751 પોઈન્ટના સંયુક્ત સ્કોર સાથે ટોચ પર રહી. ચાઇનીઝ તાઈપેઈએ 1 ,735 પોઈન્ટ સાથે રજત ચંદ્રક જીત્યો હતો , જ્યારે વિયેતનામે 1,729 પોઈન્ટ સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

દરમિયાન, મહિલા 25 મીટર પિસ્તોલ વ્યક્તિગત સ્પર્ધામાં , મનુ ભાકરે વિયેતનામની થુય ટ્રાંગ ન્ગુયેન સામે શૂટ-ઓફ ટાઈ-બ્રેકમાં સુવર્ણ ચંદ્રક ગુમાવ્યા બાદ રજત ચંદ્રક જીત્યો હતો , બંને શૂટર્સના 35 પોઈન્ટ સમાન રહ્યા હતા. બે શૂટ-ઓફ પછી ન્ગુયેને ભાકરને પાછળ છોડીને સુવર્ણ ચંદ્રક જીત્યો છે. એશા સિંહે 30 પોઈન્ટના સ્કોર સાથે કાંસ્ય ચંદ્રક મેળવીને ભારતના સ્કોરમાં વધારો કર્યો.

. . . . . . . . . . . . .

# T20 WORLD CUP AHD

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ- ICC ટી-20 વિશ્વકપમાં હાલ દક્ષિણ આફ્રિકા અને કૅનેડા વચ્ચે અમદાવાદમાં મેચ રમાઈ રહી છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાતી મેચમાં દિલપ્રીત બાજવાની આગેવાની હેઠળની કૅનેડાની ટીમે ટોસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ ઍડેન માર્કરમની આગેવાની હેઠળની દક્ષિણ આફ્રિકાની ટીમે 12 ઓવરમાં 2 વિકેટ ગુમાવી 132 રન કર્યાં છે.

આજે શ્રીલંકામાં રમાયેલી અન્ય એક મેચમાં ઝિમ્બાબ્વેની ટીમે ઓમાનને આઠ વિકેટથી હરાવ્યું. ઝિમ્બાબ્વેના ખેલાડી બ્લેઝિંગ મુઝારાબાનીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયાં.

. . . . . . . . . . . . .

# PLASTIC REAX- IND US DEAL

ભારત અને અમેરિકા વચ્ચે થયેલા વચગાળાના વેપાર કરારનું પ્લાસ્ટિક ક્ષેત્રએ સ્વાગત કર્યું છે . આકાશવાણી સમાચાર સાથે વાત કરતા , પ્લાસ્ટિક એક્સપોર્ટ પ્રમોશનના ભૂતપૂર્વ ચેરમેન અને પ્લાસ્ટિક ઉત્પાદનોના નિકાસકાર અરવિંદ ગોએન્કાએ જણાવ્યું કે આ કરારથી વેપારને વેગ આપવા માટે પ્લાસ્ટિ ક ક્ષેત્ર માટે નવી તકો ખુલશે . શ્રી ગોએન્કાએ વધુમાં આશા વ્યક્ત કરી કે ટેરિફમાં ઘટાડાથી આગામી ત્રણ વર્ષમાં દેશની પ્લાસ્ટિક નિકાસમાં 50 ટકાનો વધારો થશે.

. . . . . . . . . . . . . .

# HEALTH MOU - PHARMACY

ભારતીય ફાર્માકોપીયા કમિશને ગોવામાં દવા સલામતી , ગુણવત્તા ધોરણો અને ક્ષમતા નિર્માણને મજબૂત બનાવવા માટે ત્રણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ કરાર ગોવા રાજ્ય ફાર્મસી સમિતિ (GSPC), ભારતીય ગુણવત્તા સમિતિ ( QCI) અને HLL ઇન્ફ્રા ટેક સર્વિસીસ લિમિટેડ (HITES) સાથે કરવામાં આવ્યા છે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે આ કરાર નો હેતુ ADR દેખભાળ કેન્દ્રોની સ્થાપના અને મજબૂતીકરણને ટેકો આપવાનો અને આરોગ્યસંભાળ સુવિધાઓમાં વ્યવસ્થિત નોંધાણી અને દસ્તાવેજીકરણ પ્રથાઓને વધારવાનો પણ છે.

. . . . . . . . . . . . .